# વડોદરા મહાનગરપાલિકા
## અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ

પહેલો માળ, સીટી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, બદામડીબાગ, વડોદરા ૩૯૦૦૦૧
ટેલિફોન નં.૦૨૬૫-૨૪૧૩૬૩૫, ૦૨૬૫-૨૪૧૩૭૫૩, ૦૨૬૫-૨૪૧૩૭૫૪
E-Mail - cfo@vmc.gov.in

**જાહેર નોટીસ : વડોદરા શહેરની જાહેર જનતાને જાણવા જોગ**

આથી વડોદરા શહેરની જાહેર જનતાને જણાવવાનું કે, તારીખ ૧૫ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત ફાયર સેફ્ટી કમ્પ્લાયન્સ પોર્ટલ (ગુજરાત ફાયર સેફ્ટીકોપ)નું અનાવરણ કરવામાં આવ્યું છે. આપોર્ટલનો ઉદ્દેશ રાજ્યભરમાં ફાયર સેફ્ટી ફ્રેમવર્કને મજબુત કરવાનો છે. આ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૩ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ ગેઝેટ બહાર પાડવામાં આવેલ છે. આ ગેઝેટ https://gujfiresafetycop.in/content/regulations વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

જુના રેગ્યુલેશન રદ થઇ નવા રેગ્યુલેશન તા.૧૩ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજથી અમલીકરણ કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાતમાં ફાયર સેફ્ટી સર્ટીફીકેટ એકસમાન એકજપોર્ટલ થકી કરવામાં આવશે.

- બિલ્ડીંગમાં ફાયર સેફ્ટીનું પ્લાન (FSPA) મંજુર કરવા અને NOC (જે હવે નવું નામ ફાયરસેફ્ટી સર્ટીફીકેટ એપ્રુવલ) મંજૂરી (FSCA) ફાયર વિભાગ દ્વારા અપાશે.
- ફાયર સેફ્ટીસર્ટીફીકેટ રીન્યુઅલ (FSCR) ગુજરાત સરકારશ્રી દ્વારા તાલીમ પામેલ ક્વોલીફાઇડ ફાયર સેફ્ટી ઓફિસર (FSO) દ્વારા જ ઓનલાઇન પોર્ટલ થકી કરવામાં આવશે.
- ફાયર સેફ્ટીસર્ટીફીકેટ રીન્યુઅલ (NOC રીન્યુઅલ) કરાવવા જવાબદારી ફક્ત ને ફક્ત જે તે પ્રીમાઈસીસના માલિકો/ હોદ્દેદારો/ સંચાલકો/ કબજેદારોની જ રહેશે.

હવે પછીથી ફાયરસેફ્ટી સર્ટીફીકેટ મેળવવા વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિકસેવાઓ વિભાગ થકી કાર્યરત ઓનલાઈન પોર્ટલ https://vmc.gov.in/firenoc/ બંધ કરવામાં આવેલ છે. હવે પછીથી FIRE SAFETY PLAN APPROVAL (FSPA), FIRE SAFETY CERTIFICATE APPROVAL (FSCA) અને FIRE SAFETY CERTIFICATE RENEWAL (FSCR) માટે ઓન લાઈન અરજી ગુજરાત રાજ્ય સરકારશ્રીના પોર્ટલ https://gujfiresafetycop.in પર કરવાની રહેશે. અને અરજદારે જો અરજી કરવામાં કોઈ મુશ્કેલી જણાયતો ગુજરાત સરકારશ્રીના હેલ્પડેસ્ક નં. ૦૭૯૨૩૨૫૭૦૨૨ તથા ૦૭૯૨૩૨૫૭૦૪૦ પર સંપર્ક કરવાનો રહેશે અથવા helpdeskfscop@gmail.com ઈ-મેઈલ આઈ.ડી. પર પોતાની ક્વેરી મોકલી શકે છે. હવે પછીથી ફાયર સેફ્ટીસર્ટીફીકેટ રીન્યુઅલ (FSCR) કરવામાં આવનાર નથી. જો તેમ કરવામાં જોકોઈ ચૂક થશે અને સમયસર ફાયર સેફ્ટીસર્ટીફીકેટ મેળવવામાં નહિં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જેતે માલિકો/ હોદ્દેદારો/ સંચાલકો/ કબજેદારોની રહેશે.

પી.આર.ઓ.નં.૧૨૨૭/ ૨૦૨૩-૨૪

ડે.મ્યુનિસિપલ કમિશનર (ફાયર)
વડોદરા મહાનગરપાલિકા